**ખાનગી જગ્યાના માલિકને લાભ કરાવવા માટે સરકારના કરોડો રૂપિયાનો ધૂમાડો થઈ રહ્યો છે, કોઈ બોલતું જ નથી**

# વસ્તી નથી ત્યાં પુલનું કામ શરૂ કરાયું

**વલસાડ** વશિયરના અજાયબી બ્રિજનું કામ પૂરજોશમાં ચાલુ

**કામ** અટકાવવા વારંવારની રજૂઆત બાદ પણ સરકારી વહિવટી તંત્ર ધૃતરાષ્ટ્રની ભૂમિકામાં





વલસાડ : વલસાડના વશિયર વિસ્તારમાં જ્યાં કોઈ માનવ વસ્તી જ નથી એ સ્થળે પુલ મંજૂર કરી તેનું કામ આરંભી દેવાયું હતુ. આ અંગે અનેક હોબાળા બાદ તેનું કામ અટકાવી દેવાયું હતુ. જોકે, રાજકીય વગ ધરાવનાર આ વાડીના માલિકે ફરીથી પોતાની માયાજાળ ફેલાવી તેનું કામ શરૂ કરાવી દીધું છે. જેના પગલે હાલ આ પુલનું કામ ફરીથી ધમધોકાર ચાલી રહ્યું છે અને પુલ 80 ટકા જેટલો બની પણ ગયો છે.

વલસાડના વશિયર વિસ્તારમાં આવેલા અજાયબી પુલની વ્યાપક ચર્ચા છેલ્લા કેટલાક સમયથી ચાલી રહી છે. આ અંગે વલસાડ જિલ્લા યુથ કોંગ્રેસ દ્વારા કલેક્ટરને પણ રજૂઆત થઈ હતી. આ મુદ્દો હાલ ફરી યુથ કોંગ્રેસના મિત દેસાઈ દ્વારા ઉંચકાયો છે. તેમના દ્વારા આ બ્રિજનો વિરોધ થઈ રહ્યો છે, પરંતુ માનવ વસ્તી રહિત વિસ્તારમાં પુલ બનાવવાનું કાર્ય વલસાડ જિલ્લા પંચાયત દ્વારા ફરીથી શરૂ કરી દેવાયું છે. તેમના દ્વારા આ પુલના નિર્માણનું કાર્ય હાલ ફરીથી વેગવંતુ બનાવી દેવાયું છે. તેની પાછળ સરકાર દ્વારા પ્રજાના ટેક્સના કરોડો રૂપિયાનો ધૂમાડો થઈ રહ્યો છે. જેની સામે કોંગ્રેસી યુવા કાર્યકર સિવાય કોઈપણ કંઈ બોલવા તૈયાર નથી. જેના કારણે આ મુદ્દો વલસાડ પંથકમાં ચર્ચાના ચગડોળે ચઢ્યો છે.

### પુલ બનતા કોડીના ભાવની જમીન કરોડોની થઈ ગઈ

વલસાડના વશિયર વિસ્તારમાં આવેલી કોડીના ભાવની જમીન હવે કરોડો રૂપિયાની થઇ ગઇ હોવાની ચર્ચા ચાલી રહી છે. આ જમીનનું મુલ્ય વધારવા રાજકીય વગ ધરાવનારે આ પુલ યેનકેન પ્રકારે પાસ કરાવી દીધો હતો. આ પુલના એક છેડે થોડી સોસાયટી આવેલી છે. જ્યાંથી સામે તરફ વાડીમાં જવા માટે આ પુલ તૈયાર કરાયો છે. હાલ બીજી તરફ આંબાવાડી જ છે. એ સિવાય કંઇ જ નથી. ત્યારે આ પુલ કઇ રીતે બને અને તેની પાછળ કયા સંજોગો માં કરોડો રૂપિયાનો ખર્ચ થઇ રહ્યો છે, તેની સામે સવાલો ઉઠી રહ્યા છે.

### વાડીની જમીનને કવર કરતી પ્રોટેક્શન વોલ પણ બની ગઈ

વલસાડ જિલ્લા પંચાયતે વાડીના મુલ્યના વધારા માટે પુલ તો બનાવી આપ્યો છે, પરંતુ સાથે સાથે તેમણે પ્રોટેક્શન વોલ પણ બનાવી આપી છે. આ પ્રોટેક્શન વોલ પણ ત્યાં જ બનાવાઇ છે, જ્યાં આંબાવાડી છે. એ સિવાય જ્યાં માનવ વસ્તી છે, ત્યાં પ્રોટેક્શન વોલ બનાવવાની તસ્દી લેવાઇ નથી. ત્યારે પ્રજાના પૈસાનો ઉપયોગ એક વ્યક્તિ માટે કરાતા આખો મામલો ખૂબ ચર્ચાના ચગડોળે ચઢ્યો છે. ભાજપ સરકારમાં વહીવટી તંત્ર દલા તલવાડીની વાડી જેવું બન્યું હોય એવું હાલ લાગી રહ્યું છે.

# રાતના અંધારામાં સરકારી બ્લોકનો ‘અદૃશ્ય ખેલ’

**‘બ્લોક** નહીં, કચરો હતો’નો બચાવ, તંત્રની મૌન ભૂમિકા સામે ગંભીર સવાલો

નવસારી : નવસારી શહેરમાં તાજેતરમાં સામે આવેલા એક ગંભીર બનાવે નવસારી મહાનગરપાલિકાની કામગીરી અને જવાબદારી પર મોટાં પ્રશ્નચિહ્ન ઊભા કર્યા છે. થોડા દિવસો અગાઉ રાત્રિના સમયે મહાનગરપાલિકાના ટેમ્પોમાં સરકારી બ્લોક ભરીને પાલિકાની હદ બહાર આવેલા પડઘા ગામે આવેલી એક ખાનગી જગ્યામાં ઠલવવામાં આવ્યા હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. સમગ્ર કામગીરી રાતના અંધારામાં કરાઈ હોવાના કારણે શરૂઆતથી જ શંકાનો માહોલ સર્જાયો હતો.

બ્લોક ઠલવવાની પ્રક્રિયા દરમિયાન મહાનગરપાલિકાનો ટેમ્પો કાદવમાં ફસાઈ જતા તેને બહાર કાઢવા માટે પાલિકાની જ જેસીબી મશીનનો ઉપયોગ કરાયો હતો. સરકારી કામ સિવાય ખાનગી હેતુ માટે પાલિકાના વાહનો અને ભારે મશીનરીનો ઉપયોગ કરાયો હોવાનો આક્ષેપ થતાં સરકારી સાધનોના દુરુપયોગ અંગે પણ સવાલો ઊઠ્યા છે.

આ સમગ્ર ઘટનાની જાણ સ્થાનિક ગ્રામજનોએ મીડિયાને કરતા મામલો બહાર આવ્યો હતો. ત્યારબાદ મીડિયાએ આ બાબત પાલિકાના ડેપ્યુટી કમિશનર ગૌરાંગ વાસાણીના ધ્યાન પર લાવી હતી. પ્રાથમિક તપાસ દરમિયાન વાંધાજનક પુરાવા મળતા ડેપ્યુટી કમિશનરે મામલે તપાસ હાથ ધરી હતી અને ઘટનામાં સંડોવાયેલા સામે ખુલાસા માંગતી નોટિસ પણ ફટકારી હતી.

નોટિસના જવાબમાં ટેમ્પોના ડ્રાઈવર તથા ખાનગી જગ્યાના વહીવટકર્તાએ એવું કહીને આપ્યોનું કહેવાય છે કે ત્યાં ઠલવાયેલી સામગ્રી સરકારી બ્લોક નહીં પરંતુ કચરો હતો. જોકે, આ દલીલથી અનેક ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. જો ખરેખર કચરો હતો તો રાત્રિના સમયે, પાલિકાની હદ બહાર અને ખાનગી જગ્યાએ તેનું ઠાલવણ કેમ કરાયું? અને કચરા માટે પાલિકાની જેસીબીનો ઉપયોગ શા માટે કરાયો?

### ડેપ્યુટી કમિશનરે ફોન રિસીવ કર્યો નહીં

આ સમગ્ર પ્રકરણમાં સૌથી મહત્વની કડી એવા સંબંધિત સુપરવાઇઝર તરફથી હજુ સુધી કોઈ જવાબ આપવામાં આવ્યો નથી, જે શંકાને વધુ મજબૂત બનાવે છે. વધુમાં, ડેપ્યુટી કમિશનર ગૌરાંગ વાસાણીનો ટેલિફોનિક સંપર્ક કરવાનો પ્રયાસ કરાયો હતો, પરંતુ ફોન રિસીવ ન થતાં આગળની કાર્યવાહી અંગે કોઈ સ્પષ્ટતા મળી શકી નથી.

### આખું પ્રકરણ દબાવી દેવાનો પ્રયાસ

સરકારી બ્લોક કેવી રીતે રાતોરાત ‘કચરો’ બની ગયો અને આખું પ્રકરણ દબાવી દેવાનો પ્રયાસ થયો કે કેમ તે હાલ નવસારીમાં ચર્ચાનો મુખ્ય વિષય બન્યો છે. નાગરિકોમાં પારદર્શક અને નિષ્પક્ષ તપાસ સાથે જવાબદારી નક્કી કરી દોષિતો સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠી રહી છે.

### પારડીમાં ઠંડી-ધુમ્મસભર્યા માહોલથી વાહન ચાલકો પરેશાન



પારડી : પારડીમાં વહેલી સવારથી વાતાવરણમાં ઠંડીનો અહેસાસ લોકોએ અનુભવ્યો હતો. પારડી શહેર તથા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ઠંડીનો માહોલ સાથે સાથે વહેલી સવારે ધુમ્મસભર્યું વાતાવરણ જોવા મળ્યું હતું. રસ્તાઓ પર લોકો સ્વેટર, જેકેટ, મફલર, સાલ જેવા ગરમ કપડાં પહેરીને જોવા મળ્યા હતા. વહેલી સવારના માર્ગ પર પસાર થતા વાહનચાલકો વિઝિબિલિટીને કારણે હેડલાઇટ ચાલુ રાખીને પસાર થયા હતા. વલસાડ સહિત પારડી તથા આસપાસના ગામડાઓમાં સવાર અને સાંજે લોકોને ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે.

# ચીખલીના ટોરવણને અલગ કરવાના નિર્ણય સામે પ્રચંડ વિરોધ

**ગામ** અલગ થવાથી દસ્તાવેજોમાં મોટી વહીવટી ગૂંચવણો ઊભી થવાની ભીતિ : ગ્રામજનો

**માંગણી** સંતોષવામાં નહીં આવે તો ગ્રામજનો દ્વારા ઉગ્ર આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી



ઘેજ : ચીખલી તાલુકાના કુકેરીમાં ગામના વિભાજનની ચર્ચા માટે યોજાયેલી ગ્રામસભા ઉગ્ર બનવા સાથે ટોરવણને અલગ કરવાના નિર્ણય સામે ગ્રામજનોએ પ્રચંડ વિરોધ કર્યો હતો.

કુકરી ગામના રેવન્યુ અને મહેસૂલી વિસ્તારમાંથી ટોરવણ ગામને છૂટું પાડી અલગ ગ્રામ પંચાયત બનાવવાની હિલચાલ સામે કુકરીના ગ્રામજનોએ ભારે રોષ સાથે વિરોધ નોંધાવ્યો છે. આ બાબતે ટોરવણ ભવાની માતાના મંદિરના હોલમાં યોજાયેલી ગ્રામસભામાં ગામના વિભાજનનો ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો હતો. ગ્રામજનોએ બાપ-દાદાના સમયથી કુકેરી ગામ અસ્તિત્વમાં છે તેમ જણાવી તમામ ગ્રામજનોના આધાર પુરાવા, સાત-બારના ઉતારા, મતદાન કાર્ડ અને મિલકત દસ્તાવેજો કુકેરી ગામના નામે જ નોંધાયેલા છે. ગામ અલગ થવાથી આ તમામ દસ્તાવેજોમાં મોટી વહીવટી ગૂંચવણો ઊભી થવાની ભીતિ છે. વધુમાં ગ્રામજનોએ જણાવ્યું હતું કે હાલની વ્યવસ્થાથી તેઓ સંપૂર્ણ સંતુષ્ટ છે અને જો ગામનું વિભાજન કરવામાં આવશે, તો ભવિષ્યમાં અનેક નવી વહીવટી સમસ્યાઓ ઊભી થશે જેનાથી ગામના વિકાસમાં પણ બાધા આવશે. આ ગ્રામસભાના અંતે ગ્રામજનોએ લેખિતમાં વિરોધ પ્રદર્શિત કરતો પત્ર સરપંચ અને તલાટી કમ મંત્રીને સુપરત કર્યો હતો. જેમાં સ્પષ્ટપણે જણાવાયું છે કે કુકેરી ગામની એકતા જળવાઈ રહેવી જોઈએ અને વિભાજનની પ્રક્રિયા તાત્કાલિક અટકાવવાની માંગ કરી હતી. સાથે માંગણી સંતોષવામાં નહીં આવે તો આગામી સમયમાં ગ્રામજનો દ્વારા ઉગ્ર આંદોલન કરવાની પણ ચીમકી ઉચ્ચારવામાં આવી હતી.

ગામ વિભાજનના મુદ્દે યોજાયેલી બેઠકમાં ઉગ્ર વિવાદ સર્જાવા સાથે ઝપાઝપી પણ થઈ હોવાનું અને કેટલાક વિડીયો પણ સોશિયલ મીડિયામાં વાયરલ થતા સમગ્ર ગામનું રાજકીય વાતાવરણ પણ ગરમાયુ હતુ.

### અમે કોઈ પણ ભોગે ગામ છૂટું પાડવા દઈશું નહીં

કુકેરીના પૂર્વ ડેપ્યુટી સરપંચ જયેન્દ્રસિંહ પરમારના જણાવ્યા અનુસાર અમારા ગામના ટોરવણ ફળિયાનું વિભાજનની પ્રક્રિયા ગામના સરપંચ અને તેમના કેટલાક સમર્થકો દ્વારા મનસ્વી રીતે કરવામાં આવી રહ્યું છે, જેની સામે અમારો વિરોધ છે . જો આગામી દિવસોમાં આ પ્રક્રિયા અટકાવવામાં નહીં આવે, તો અમે ઉગ્ર આંદોલન કરવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. અમે કોઈ પણ ભોગે ગામ છૂટું પાડવા દઈશું નહીં.



# વલસાડ અંડર-19 કૂચ બિહાર ટ્રોફીની ફાઈનલમાં ગુજરાત 216 રને ઓલઆઉટ

**મધ્યપ્રદેશે** 2 વિકેટ ગુમાવી 16 રન બનાવ્યા

**ગુજરાતના** 4 બેટ્સમેન શૂન્ય રને જ પેવેલિયન ભેગા

વલસાડ : વલસાડ બીડીસીએના સરદાર પટેલ સ્ટેડિયમ ઉપર શનિવારથી શરૂ થયેલી ગુજરાત અને મધ્યપ્રદેશ વચ્ચેની અંડર.19 કૂચ બિહાર ટ્રોફીની ફાઈનલ મેચના પ્રથમ દિવસે મેચ બંધ રહી ત્યાં સુધીમાં મધ્યપ્રદેશની ટીમે 2 વિકેટ ગુમાવી 16 રન બનાવ્યા હતા. મધ્યપ્રદેશ હજુ 200 રન પાછળ છે. એ અગાઉ મધ્યપ્રદેશના બોલરોની લાઈન લેન્થ સાથે બોલિંગના પરિણામે ગુજરાતનો પ્રથમ દાવ 74.3 ઓવરમાં 216 રને સમેટાઈ ગયો હતો. ગુજરાત તરફે સૌથી વધુ 71 રન સાથે કુશ પટેલ નોટઆઉટ રહ્યો હતો. ઉપરાંત મૂલ્યરાજસિંહ ચાવડાએ 50, નિહાલ પટેલ એ 55 રનનો ફાળો આપ્યો હતો. વિકેટ કિપર પૂરવ પૂજારા 0, મીત પટેલ 0, કાવ્યાંન પટેલ 0, દેવિક શાહ 0 રને આઉટ થયા હતા. કેપ્ટન રુદ્ર પટેલે માત્ર 9 રન બનાવ્યા હતા. મધ્યપ્રદેશ તરફે યશબર્ધન સિંહે 4 વિકેટ, પુષ્કર વિશ્વકર્માએ 4 અને યુવરાજસિંઘે 2 વિકેટ ઝડપી હતી.

# ટ્રેલર પુલ પરથી પટકાતાં મુસાફરનું મોત

**નાની** તંબાડી એક્સપ્રેસ હાઈવેના પુલની ઘટના, ગેરકાયદે બેસાડાયેલા અજાણ્યાની ઓળખ સુદ્ધાં હજુ બાકી

વાપી: વાપી નજીકના નાની તંબાડી એક્સપ્રેસ હાઈવેના પુલ પરથી ટ્રેલર પડી જતા ગમખ્વાર અકસ્માતમાં ટ્રેલરમાં પેસેન્જર તરીકે બેઠેલા એક વ્યક્તિનું મોત નીપજ્યું હતું. આ બનાવ અંગેની ફરિયાદ વાપી ડુંગરા પોલીસ મથકમાં કરવામાં આવી હતી.

ચલા રો હાઉસમાં રહેતા દિનેશકુમાર દિલબાગસિંહ પીલાનીયા ટ્રાન્સપોર્ટનો ધંધો કરે છે. તેમના ટ્રેલર પર અજીત ગીરજા રામસ્વરૂપ પાલ (ઉં.37, રહે.ગાંધીધામ, મૂળ બિહાર) ડ્રાઈવર તરીકે નોકરી કરે છે. ગત 13-1-26ના રોજ તેને સેલવાસમાં માલ ભરવા માટે મોકલ્યો હતો. જે ટ્રેલર અકસ્માતે દાદરાથી નાની તંબાડી, એઠી ફળિયા એક્સપ્રેસ હાઈવેના પુલ નીચે પડી ગયું હતું. ટ્રેલરમાં પેસેન્જર તરીકે કોઈકને બેસાડેલો હતો જે દબાઈ ગયો હતો. ગંભીર ઈજાગ્રસ્ત હાલતમાં તેને 108 એમ્બ્યુલન્સ દ્વારા ચલા સીએચસી હોસ્પિટલમાં ખસેડ્યો હતો, જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. આ બનાવ અંગેની ફરિયાદ દિનેશકુમારે વાપી ડુંગરા પોલીસ મથકમાં કરી હતી.

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

**વુલન સ્વેટરો,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, શાલ, બ્લેન્કેટ હોલસેલ ભાવે, ખોલવડવાલા, ડબગરવાડ, સુરત.

**જમીન પુરાણ માટેનો**
મલબો (માટી)નો મોટો જથ્થો વ્યાજબી ભાવે મેળવવા માટે સંપર્ક કરો સંપર્ક સમય સવારે ૧૦થી ૬ મો. 9998816308

**કબુતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9664875838

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**પાપડ અચાર**
સુરતમાં વાલોડના પ્રખ્યાત પાપડ અને અચાર હોલસેલ ભાવ માં છુટક મળશે Free Home dilevery Mo. 9099645605 Surat. Ranitalaw (748)

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**(સાગર- 9427113317)**
દ્વારકા, સોમનાથ, સારંગપુર, 24- જાન્યુઆરી, ઉજ્જૈન ઓમકારેશ્વર, મંમલેશ્વર

**અયોધ્યા/ વારાણસી**
/પ્રયાગરાજ ટ્રેન/ એસી ટેમ્પો ટ્રાવેલ સાથે. સુપર ડિલક્ષ હોટલ/ બ્રેકફાસ્ટ/ ડીનરનું એક શ્રેષ્ઠ અને વ્યવસ્થિત આયોજન. ઉપડવા તારીખ 5 એપ્રિલ, દિવસ- 9. જાણીતું અને અનુભવી નામ બંકીમ મહેતા. (9429507723) જોય એન જોય ટ્રાવેલ્સ. સુરત

**ઓમશિવ ટ્રાવેલ્સ**
22 જાન્યુઆરી, (દ્વારકા, સોમનાથ, વિરપુર, ચોટીલા) (ઉજ્જૈન, મહાકાળેશ્વર, ઓમકારેશ્વર, સિહોર) 23 જાન્યુઆરી, (શીર્ડી, શનિદેવ, સપ્તશ્રૃંગી, સાપુતારા) (ડાકોર, શામળાજી, અંબાજી, મોઢેરા, બહુચરાજી) 27 જાન્યુઆરી, રણઉત્સવ, કચ્છ. માંડવી, આશાપુરા માતા, અંજાર, મોગલધામ. ખરવરશેરી, ભાગળ, સુરત.- 9537838949, 9327199997

નોકરી વિષયક

**સેલ્સ માટે માણસ**
ફૂડ વેચાણના અનુભવી, સેલરી + કમિશન, 8000677977

**જોઈએ છે**
અનુભવી ટર્નર કમ વેલ્ડર, CNC/VMC મશીનના Fanuc કંટ્રોલના ઓપરેટર અનુભવ પ્રમાણે પગાર મળશે કતારગામ GIDC . 9825304506 9825651072

**સુરતના જાણકાર અને**
વિશ્વાસુ જ્વેલર્સને (૧) કોમ્પ્યુટર ઓપરેટર Microsoft Excelના જાણકાર (૨) કેશીયર (૩) રીસેપ્શનીષ્ટ જોઈએ છે. અનુભવીને પ્રાથમિકતા, લાયકાત ધરાવનાર ઉમેદવારને પગારનો કોઈ બાધ નથી. સવારે ૧૧થી ૫ માં રૂબરૂ મળો. ખુશાલભાઈ જ્વેલર્સ, અંબિકાનિકેતન બસ સ્ટોપ સામે, પાર્લે પોઈન્ટ, સુરત. Mo. 8160859341 (757)

**દુકાનના પરચુરણ**
તથા ક્લેરીકલ કામ માટે લેડીઝ- અરજી સાથે મળો સવારે ૧૦ થી ૧૨ માં G/3 ક્રિષ્ના કોમ્પલેક્ષ દિલ્હીગેટ

**સુરતના ખ્યાતનામ**
બિલ્ડરની ઓફિસમાં ટેલિકોલર જોઈએ છે. પગાર 15,000 + કમિશન. સંપર્ક- 8401999721

**ફ્લેટ વેચવાના છે**
» જહાંગીરપુરામાં રોઝ ગાર્ડન પાસે
» ૧૯૫૪ સ્કે ફીટ
» ૩ બેડરૂમ /હોલ/ કીચન
» ૧૩૧૦ સ્કે ફીટ
» ૨ બેડરૂમ /હોલ/ કીચન
મો.નં. 8141577577 9879890021

**વોક ઈન ઈન્ટરવ્યુ**
ગુજરાત સ્ટેટ એઈડ્સ કંટ્રોલ સોસાયટી NACP- V પ્રોગ્રામ અંતર્ગત ચાલતી સંસ્થા એકતા મહિલા મંડળ સુરત દ્વારા કાર્યરત પ્રોજેક્ટ માટે હંગામી ધોરણે ભરતી કરવાની છે. પોસ્ટ- કાઉન્સેલર- 1, લાયકાત:- M.S.W M.A Psychology, M.A Sociology, પગાર- 16000 +T.A ઈન્ટરવ્યુની તારીખ:- 23/01/2026 સમય સવારે 11:00 કલાકે નીચે દર્શાવેલ સ્થળે ઈન્ટરવ્યુ રાખવામાં આવેલ છે એડ્રેસ- એકતા મહિલા મંડળ- 2/4387, બીજો માળ, ઈચ્છા મહેતા શેરી, જૂની મહાવીર હોસ્પિટલની બાજુમાં, સગ્રામપુરા, સુરત:- 9586320023

**કાંટાતાર કંપાઉન્ડ**
કાંટાતાર કંપાઉન્ડ, રેઝર કોઇલ ફીટીંગ કરનાર, દિવાલ ઉપર એંગલ મારી તાર મારી આપવામાં આવશે.
સંપર્ક: 9924337821

મિલ્કત જોઇએ છે

**મકાન લેવું છે**
લાલદરવાજા/ મહિધરપુરા આજુ બાજુમાં 38 થી 40 મા મો. 8488968543

મિલ્કત વેચવાની છે

**RCCનું મકાન**
વેચવાનું છે ૨ ગાળા નું ભોંયતળીયુ 3 માળનું, નાનપુરા ધોબીશેરીમાં વ્યાજબી કિંમતે- 9825570197

**ફ્લેટ વેચવાનુ છે**
દસ્તાવેજવાલો ગેસ લાઈન સાથે 2 બેડરૂમ હોલ કિચન (દલાલ આવકાર્ય) પંડોલની પોલ નાણાવટ સુરત Mob- 9879051302- 9979379635, 9898613920 (756)

**બંગલો વેચવાનો છે**
125 વાર 4 BHK કોર્નર
131 વાર 4 BHK કોર્નર
146 વાર 4 BHK
ચારેબાજુ કોર્નરનો જબરજસ્ત લોકેશન વાળો બંગલો
જહાંગીરપુરા, પટેલ નગરની સામે
9825928745

**40.75 લાખમાં**
પાલનપુર પાટિયામાં સિલ્વર પ્લાઝામાં 2 બેડરૂમ હોલ કિચનનો ફ્લેટ ફર્નિચર સાથે વેચવાનો છે. દલાલ આવકાર્ય 9727740636 (755)

**ફ્લેટ વેચવાનો છે.**
1- 2 B. H. K. નવું બાંધકામ. અડાજણ- પાલ. 9909601200

**પ્લોટ વેચવાનો છે**
ઉગત કેનાલ વૈષ્ણોદેવી રોડ પર શશાંગ રેસીડેન્સીમાં રોડ ટચનો 195 વારનો પ્લોટ વેચાણથી આપવાનો છે, કોન્ટેક્ટ: 9327615071, 9879280988

**પ્લોટ વેચવાનો છે**
અડાજણ- પાલ. 9909601200

**ફ્લેટ વેચવાનો છે**
પ્રાઈમ માર્કેટ નજીક આનંદમહલ રોડ, 2 બેડરૂમ, હોલ,કિચન.ગેસ લાઈન વીજળીની સુવિધા સાથે Mo. 9825766433 Whatsapp No + 1 5879213459 (758)

**ઓફિસ વેચવાની છે**
ત્રીજા માળે, આગમ ઈમ્પોરીયા બિલ્ડીંગ ન્યુ ઉધના મગદલ્લા, વીઆઈપી રોડ. Mo. 9825596449 Whatsapp No. + 1 5879213459 (759)

**ફ્લેટ વેચવાનો છે.**
3/ 4 B. H. K. નવું બાંધકામ. અડાજણ- પાલ. 9909601200

**રોહાઉસ વેચવાનું છે.**
નવું બાંધકામ. અડાજણ- પાલ.9909601200

**દુકાન વેચવાની છે**
પહેલા માળે રોડ કોર્નરની મોકાની 1512- સ્કેવર ફીટ, ચાલુ ભાડા સાથે વેચવાની છે, એ, રોયલ પ્લેટિનમ બિલ્ડિંગ પાલનપોર કેનાલ રોડ પર, કોન્ટેક્ટ: 9327615071, 9879280988

**દુકાનો વેચવાની છે,**
ઓબેરોન બિઝનેસ હબમાં 725 સ્કેવર ફીટ, મેઈન રોડ પરની બે દુકાનો (ચાલુ ભાડા સાથે) વેચવાની છે, પાલ ગૌરવપથની બાજુમાં, કોન્ટેક્ટ: 9327615071, 9879280988

**ફ્લેટ વેચવાનો**
દસ્તાવેજ ફાઈનલ ૧૧ લાખ બીજો માળ અનાવિલ શેરી સગરામપુરા 8488968543

**પ્રાઈમ લોકેશનમાં**
ફર્નિચરવાળો ફ્લેટ તાત્કાલિક વેચવાનો છે. 2 BHK 1100, સ્કે. ફીટ. મુક્તાનંદનગર ગુજરાત ગેસ સર્કલ પાસે, અડાજણ, સુરત. 9825023044 (762)

**60 ફૂટ રોડ ટચ**
બંગલા લાયક પ્લોટ 1000 વાર વેચવાનો છે પીપલોદ 9879100474 (761)

લગ્ન વિષયક

**34 વર્ષની**
પંચાલ ડોક્ટર યુવતી માટે Well Educated યુવક આવકાર્ય. 9512318416

**કેનેડા અમેરિકા સેટલ**
થવા માંગતી લગ્ન ઈચ્છુક કન્યાઓ સંપર્ક કરે શુભ વિવાહ મેરેજ બ્યુરો 9727211122

મિલ્કત લે-વેચ

**હોજીવાલા ઈન્ડસ્ટ્રીમાં**
756/ 1484/ 3612/ 7308 વિગેરેના પ્લોટ ખરીદ/ વેચાણ તથા ભાડે આપવા/ લેવા માટે સંપર્ક કરો. 8866478300, 9825141500 (118)

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.